# વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના "ક્ષેત્રિય પાકોમાં બીજ ઉત્પાદન" અંતર્ગત મુ. ગોરિયાદ, તા. પાદરા, જી. વડોદરા ખાતે તા. ૨૨ ફેબ્રુઆરી - ૨૦૧૭ ના રોજ 'દિવેલામાં ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' વિષય પર એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના "ક્ષેત્રિય પાકોમાં બીજ ઉત્પાદન" અંતર્ગત વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા મુ. ગોરિયાદ, તા. પાદરા, જી. વડોદરા ખાતે તા. ૨૨ ફેબ્રુઆરી - ૨૦૧૭ ના રોજ 'દિવેલામાં ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' વિષય પર એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

આ તાલીમમાં આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના સંશોધન નિયામકશ્રી ડો. કે. બી. કથિરિઆ સાહેબ, સંયુક્ત ખેતી નિયામકશ્રી, વડોદરા, ડો. કુરેશી સાહેબ, નોડલ ઓફીસર અને સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડો. એ.ડી. પટેલની ઉપસ્થિતિમાં ૧૧૦ થી વધુ ખેડુતોએ ઉત્સાહભેર આ તાલીમમાં ભાગ લીધેલ.

નોડલ ઓફીસર અને સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડો. એ.ડી. પટેલે બીજની ઉપલબ્ધિ અને ગુણવત્તા વધારવા યોજના દ્વારા થતા પ્રયાસો અને સહભાગી બીજ ઉત્પાદન અંગેમાહિતી આપેલ. પ્રાસંગિક ઉદબોધનમાં સંશોધન નિયામકશ્રી ડો. કે. બી. કથિરિઆ સાહેબે ખેડુતોને બિયારણ અંગે સતર્કતા રાખવા, ચોકસાઇપુર્વક બિયારણની પસંદગી કરવા તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે ખેડુતો માટે ઉપલબ્ધ જુદાજુદા વિષયોની તાલીમનો લાભ લેવા અનુરોધ કરેલ. સંયુક્ત ખેતી નિયામકશ્રી, વડોદરા, ડો. કુરેશી સાહેબે સરકારશ્રીની બીજ, નિદર્શન અને સંબંધિત યોજનાઓની માહિતી આપેલ.

ડો. એમ. પી. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી દ્વારા દિવેલા ઉત્પાદન અંગે વાવણી અંતર, પિયત, અગત્યના તબક્કાઓ અને કાપણી અંગેની માહિતી આપવામાં આવેલ. કુ. ગીતા ચૌધરી, અને શ્રી વૈભવ ચૌધરી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા બપોર પછીના સેશનમાં ખેડુતોના જુથ સાથે ચર્ચા કરી ઉંડાણપુર્વક માહિતી આપવામાં આવેલ. ડો. એ. એસ. ભાણવડીયા અને પ્રો. વી. બી. પટેલ, દ્વારા ફિલ્ડ અંગેની બાબતોની માહિતી આપવામાં આવેલ. શ્રી જે. એસ. દોશી દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંકલન અને આભાર વિધી કરવામાં આવેલ.















